બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૨ માર્ચ, ૨૦૦૮)

(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પરિચય, નવમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૦૬)

પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➾ મુક્તાનંદ સ્વામી - મહારાજને (૩/૯)
➾ મહારાજે ગલુજીને કહ્યું ગલુજી ! તમે હવે ઘેર જાઓ અને તમારું અધૂરું કામ પૂરું કરો ત્યારે મુક્તાનંદ સ્વામી મહારાજને પૂછે છે.

૨. ➾ સુખાનંદ સ્વામી - લક્ષ્મીચંદ (વૃંદાવના) શેઠને (૧૨/૩૪)
➾ સદાવ્રત લેવા માટે સ્વામી છેટા ઊભા હતા ત્યારે શેઠે પૂછ્યું અત્યાર સુધી છેટા કેમ ઊભા હતા ?

૩. ➾ બંને ભાઈઓ (મેરામણ અને મામૈયો) - આઈને (રાણદેબાઈને) (૨૨/૬૯)
➾ ખેતરેથી ઘેર આવેલા ભાઈઓએ જોયું કે ફળિયામાં ખીચડીનું તપેલું ઊંધું પડેલું, કંઠી અને માળાના પારા વેરાયેલા જોયા. આઈ પાસે આવ્યા તો આઈ રડતાં હતાં ત્યારે.

પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)

૧. ધર્મસંબંધી કાર્ય તત્કાળ કરવું જોઈએ. (૧/૩)

જ. કારણ કે મૃત્યુ અનિશ્ચિત છે. એટલે એ ક્યારે આવે તેનો નિરધાર નથી. સાથે સાથે અનિવાર્ય પણ છે. એક ધર્મ જ શરીર નાશ પામ્યા પછી જીવની સાથે આવે છે. માટે ધર્મસંબંધી કાર્ય તત્કાળ કરવું જોઈએ.

૨. શ્રીજીમહારાજ સંતો-ભક્તો સાથે સુંદરિયાણા પધાર્યા. (૧૬/૪૭)

જ. સુંદરરિયાણાના હિમરાજ શેઠ - મૂળ વૈષ્ણવ વણિક ભક્ત સત્સંગી થયા. તેથી વૈષ્ણવોએ તેમને નાત બહાર મૂક્યા. હિમરાજ શેઠ ધામમાં ગયા ત્યારે નાતીલાઓનો તથા ગોંસાઈજીનો દીકરાઓને કંઠી કાઢી નાંખવાનો આગ્રહ. શેઠના દીકરાઓએ ના પાડી. આ સમાચાર મહારાજને મળતા સત્સંગનો પક્ષ રાખવાથી મહારાજ રાજી થયા અને સંત હરિભક્તો સાથે સુંદરિયાણા પધાર્યા.

પ્ર.૩ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ સાત સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.(કુલ ગુણ : ૭)

☞ **નોંધ : - જવાબમાં આપેલાં અંક કોઈપણ રીતે લખેલા હોય તો પણ સંપૂર્ણ સાચું આપવું.**

વિષય :- પરમચૈતન્યાનંદ સ્વામી (૨૩/૭૨ થી ૭૫)

ફક્ત નંબર :- ૨, ૩, ૪, ૬, ૮, ૯, ૧૦.

પ્ર.૪ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫) ☞ **નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શ્રીજીમહારાજે અરદેશર કોટવાળને પોતાની પાઘ ભેટ આપી. (૪/૧૦)
૨. જીવના કલ્યાણ માટે પોતાના સર્વોપરી સ્વરૂપની ઉપાસના માટે તથા કાળાન્તર સુધી સંપ્રદાયની પુષ્ટિ માટે શ્રીજીમહારાજે મંદિરો કર્યા. (૧૦/૨૦)
૩. દામોદરભાઈ બોલ્યા સાધુ તો અમારા બાપ છે માટે કોઈ વખત બાપ તો દીકરાને મારે પણ ખરા. (૧૩/૩૬)
૪. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું ‘અગ્નિને કહો કે સતી તો ચાલ્યાં ગયા છે અને હવે તો ફક્ત દેહ છે માટે સ્પર્શ કરવામાં વાંધો નથી.’ (૧૮/૫૩)
૫. ગોરધનભાઈનું ફોઈનું નામ પૂતલીબાઈ હતું. (૨૯/૯૧)

પ્ર.૫ નીચે આપેલ ‘સ્વામીની વાત’ પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૬)

☞ **નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી લખી હોય તો ૨ ગુણ, નિરૂપણના ૪ ગુણ.**

“હીરો કોઈ રીતે ફૂટે નહિ પણ માકડના લોહીથી ફૂટે તેમ વાસના કોઈ રીતે ટળે નહિ પણ મોટાપુરુષ કહે તેમ કરે, તેનો ગુણ આવે ને ક્રિયા ગમે તો વાસના ટળે નીકર સાધન તો સૌભરી આદિકનાં કેવાં ? પણ વાસના ટળી નહિ.” (૨૫/૭૭)

વાસના એટલે ઈચ્છા, તૃષ્ણા - ટળવી બહુ કઠણ ગુણાતીતાનંદ સ્વામી - વાસના તપથી કે પુરુષાર્થથી ટળતી નથી. જૂનાગઢમાં એક નાગર બ્રાહ્મણ - સ્વાદિયા - ભોજનના સ્વાદમાં ફેર - થાળી પછાડે - કુટુંબીઓને આ ટેવથી ત્રાસ. નાગર હરિભક્ત મંદિરે દર્શને જતા.- દૂરથી પગે લાગે - તેમના ત્રાસથી કંટાળી માતાએ બીજા હરિભક્ત મારફત ગુણાતીતાનંદ સ્વામીને પોતાના દુ:ખની વાત કહેવડાવી - બીજા દિવસે સ્વામીએ તેમને કથામાં બેસાર્યા- સ્વામીના જમવાનો - વિચાર ‘સ્વામી શું જમતા હશે ?’ - સ્વામીને બાલમુકુંદ સ્વામીએ પત્તરમાં રોટલાનો ભૂકો - છાશ રેડી - હરિભક્તના મનમાં દૂધપાક હશે - અંતર્યામીપણે સંકલ્પ - પત્તરમાં પાણી રેડ્યું - પાસે આવીને જોયું - આશ્ચર્ય - ‘અહો ! આવા મોટા મંદિરના મહંત રોટલોને છાશ જ જમે.’ - સ્વામી નિ:સ્વાદી - ગુણ લેવાથી અંતરનું પરિવર્તન - ઘેર આવી બોલ્યા વગર જમ્યા. રસાસ્વાદ ટળી ગયો. - પાકા સત્સંગી થયા. તેથી શ્રીજીમહારાજ કહે છે કૂતરા જેવો કામી - સંતને નિષ્કામી જાણે તો પોતે નિષ્કામી થાય - સંતને નિર્દોષ જાણે તો પોતે નિર્દોષ

થાય - મોટા પુરુષનો ગુણ આવે-ક્રિયા ગમે તો વાસના ટળી જાય- વાસના ટાળવા માટે સાધન કરતાં સત્પુરુષનો સંગ શ્રેષ્ઠ છે.

અથવા

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૧૬ (૧૭/૪૯) નું નિરૂપણ લખો. ''વિવેકનું''

શ્રીજીમહારાજે ગ.પ્ર. ૧૬મા પોતાનો અવગુણ જુએ તે વિવેકી અને બીજાનો અવગુણ જુવે તે અવિવેકી છે એમ સમજાવ્યું છે. જેને સત્સંગમાં આગળ વધવું હોય તે તો પોતાના અવગુણ તપાસીને તેનો ત્યાગ કરી દે. કેટલાક પોતાના દોષ ઓળખે ખરા પણ ટાળવાનો પ્રયત્ન ન કરે. પણ અવગુણ ટાળવાનો પ્રયત્ન તે વિવેક છે. પોતાનો ગુણ જોવાથી દેહાભિમાન દૃઢ થતું જાય છે. પરમેશ્વર અને સંતમાં અવગુણ છે જ નહિ પણ પોતાની દૃષ્ટિ દોષિત છે તેથી અવગુણ ભાસે છે. વિવેકી ભક્તને તો પોતાના ઈષ્ટદેવ એવા જે ભગવાન અને સંત તેમાં કોઈ દોષ દેખાતો જ નથી.

આ ઉપરાંત પરમેશ્વર તથા સંત જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને જ માને. લૌકિક કાર્યોમાં પણ આપણે અનુભવી પુરુષોમાં વિશ્વાસ રાખીએ છીએ તો આ લોકનું કામ સરળ થઈ જાય છે. મોક્ષના માર્ગમાં આપણને ભગવાન અને સંતની પ્રાપ્તિ થઈ છે તો બીજો કોઈ સ્વાર્થ સાધવો નથી. પણ કેવળ આપણા જીવના રૂડા સારુ આપણને ઉપદેશ દે છે, દોષ બતાવે છે. તેઓ આપણને સવળે રસ્તે જ ચઢાવશે એવો દૃઢ વિશ્વાસ રાખીને સત્સંગ કરવાથી અવિવેક ટળી જાય છે.

સત્પુરુષની આજ્ઞા 'આ દેહ તે તારું સ્વરૂપ નથી. કારણ દેહ ઈન્દ્રિયો આદિક નાશવંત છે. તારો જે આત્મા તે જ તારું સાચું સ્વરૂપ છે.' તે માનીને વિવેકી ભક્ત મનની ઈચ્છાઓ પ્રમાણે તણાઈ જતો નથી પણ આત્મારૂપે વર્તે છે. પણ પોતાને બંધન થાય તેવા પંચવિષયના પદાર્થોમાં લોભાતો નથી. કુસંગને ઓળખીને દૂર રહે છે. વિઘ્નરૂપ વિચારોનો ત્યાગ કરી મોક્ષમાર્ગમાં ઉપયોગી એવા સવળા વિચારોને જ ગ્રહણ કરે છે, ત્યારે સાચો વિવેક આવે છે.

પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)

૧. ષડક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ,
સુખી કરે સંકટ સર્વે કાપે, અંતે વળી અક્ષરધામ આપે.
ગાયત્રીથી લક્ષ ગણો વિશેષ, જાણે જ જેનો મહિમા મહેશ,
જ્યાં જ્યાં મહામુક્ત જનો વસાય, આ કાળમાં જો જપ એ જ થાય. (૬/૧૩)

૨. निजतत्त्वपथावबोधनं जनतायाः स्वत एव दुर्गमम् ।
इति चिन्त्य गृहीतविग्रहं सहजानन्दगुरुं भजे सदा ।। (૧૧/૩૧)

૩. ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી, પૂરણ પુરુષોત્તમ અંતરજામી,
સભામધ્યે બેઠાં મુનિનાં વૃંદ, તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ્ર. (૨૦/૬૫)

૪. અન્ય સ્થળોએ જે પાપ કર્યું હોય તે તીર્થમાં જઈને સ્નાન, પૂજા કે પ્રાયશ્ચિત કરીને નાશ કરી શકાય છે, પરંતુ તીર્થમાં જઈને જે પાપ કરે છે તે તો વજ્રલેપ થાય છે. શ્રીજીમહારાજ કહે છે કે અન્ય સ્થળને વિષે જે પાપ કર્યાં હોય તે સંતને સંગે કરીને જાય છે અને સંતને વિષે જે પાપ કરે છે તે તો વજ્રલેપ થાય છે અર્થાત્ સંતના અનુગ્રહ વિના બીજા કોઈ સાધને કરીને ટળતાં નથી. (૨૮/૮૭)

(વિભાગ - ૨ : પ્રાગજી ભક્ત, નવમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૦૫)

પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)

☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.

૧. ➩ ભગતજી મહારાજ - બ્રાહ્મણને (૨૯/૫૮)
➩ મહુવામાં એક બ્રાહ્મણ ભગતજીના ઘેર આવ્યો હતો તે અનિમિષ દૃષ્ટિથી ભગતજી સામે જોઈ રહ્યો હતો ત્યારે.

૨. ➩ સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) - ફૂલચંદ શેઠને (૧૩/૨૬)
➩ એકવાર સભામંડપમાં હરિભક્તો સાથે સ્વામીશ્રી ખાખરાના પાનના દડિયા બનાવતા હતા ત્યારે ફૂલચંદભાઈએ પૂછ્યું. સ્વામી ! આ ટાણે અક્ષરધામ શું કરતું હશે ? ત્યારે

૩. ➩ સ્વામીશ્રી (ગુણાતીતાનંદ સ્વામી) - ભગતજીને (૭/૧૫)
➩ ભગતજી અન્નકૂટના એંઠા વાસણ સાફ કરતાં હતાં તે એંઠવાડનું પાણી એક કૂંડીમાં ભેગું થતું હતું તે કૂંડીના પાણીને સ્પર્શ થાય તે રીતે પાળી પર પગ મૂકી સ્વામીશ્રીએ પૂછ્યું ત્યારે

પ્ર. ૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)

૧. ભગતજીએ પોતાના શરીર ઉપર સંતોને ચંદન ચર્ચવા દીધું. (૨૧/૩૯)

જ. એકવાર સંતોને જમાડતા ભગતજીએ કહ્યું : 'જો મારી આજ્ઞા પ્રમાણે જમશો તો આજે હું તમને વશ છું. તે રીતે જમ્યા પછી સંતોને ભગતજીની ચંદનથી પૂજા કરવાનો ભાવ થયો. તેથી વચને બંધાયેલા ભગતજીએ ચંદન ચર્ચવા દીધું.

૨. ભગતજીએ ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ શાસ્ત્રીજી મહારાજને આપવાનો કોલ આપ્યો. (૧૮/૩૪)

જ. જોડિયા સાધુ રામરતનદાસે પોતાની પાસે ચરણારવિંદ રાખી લીધા. મંડળધારી યજ્ઞપુરુષદાસ પાસે ચરણારવિંદની જોડ હોવી જોઈએ. તે ન રહી તેથી આચાર્ય મહારાજે ભગતજીને ઠપકો આપ્યો ત્યારે ભગતજીએ કહ્યું.

પ્ર.૯. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યોના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)

૧. મને સ્વામિનારાયણ વળગ્યા છે. (૧૯/૩૪)

૧. ભગતજીનો વધતો જતો પ્રતાપ જોઈને ઘણા વિરોધી સાધુઓ ભગતજી સત્સંગમાં ક્યાંય ન ફરે તેવું ઇચ્છતા.
૨. ભગતજી પણ ઘણી વાર કેફમાં આવીને બોલતા, 'મને તો સ્વામિનારાયણ વળગ્યા છે.'
૩. ત્યારે એક સાધુએ પૂછ્યું ભગવાન શું ભૂત જેવા છે તે વળગે ?
૪. એ તો જે ભક્તને ભગવાનમાં અતિશય સ્નેહ અને આસક્તિ હોય તેને જ પ્રભુ વળગે છે.
૫. હું તો 'સ્વામીની કૃપાથી શ્રીજીમહારાજની મૂર્તિનું અખંડ સુખ હું લઉં છું અને મારો જે સંગ કરે છે તેને એ અવિનાશી સુખ હું આપું છું.'

૨. સાક્ષાત્કાર (૧૦/૧૮)

૧. સ્વામીશ્રીની આજ્ઞાથી સાડા ત્રણ વર્ષની નિર્દોષભાવે સેવા કરનાર પ્રાગજી ભક્ત પર સ્વામીશ્રીનો અપાર રાજીપો વરસ્યો.
૨. પ્રાગજી ભક્તને એકાંતમાં નવ દિવસ ધ્યાનમાં બેસાડ્યા બાદ દસમે દિવસે મહારાજે ભગવા વસ્ત્રોમાં દર્શન દીધા.
૩. પ્રાગજી ભક્ત ખૂબ રાજી થયા અને સ્વામીશ્રીના પ્રતાપથી આ અલૌકિક દર્શન થયા છે તેવું મહારાજે તેમને જણાવ્યું.
૪. પ્રાગજી ભક્તને સ્વામીશ્રીમાં હેત હોવાથી મહારાજે ભગવાં વસ્ત્રોમાં દર્શન દીધાં હતાં.
૫. ફરીથી મહારાજે જરિયાન વસ્ત્રોમાં દર્શન દઈને કહ્યું, 'હું સ્વામીને વશ છું અને તે સ્વામીને વશ કર્યા છે, તેથી આજથી હવે હું તને પણ વશ છું.'

૩. અક્ષરવરની માગણી (૫/૮)

૧. આચાર્ય મહારાજ જૂનાગઢ આવવાના હતા ત્યારે સ્વામીએ પ્રાગજી ભક્તને વિશાળ ને સુંદર ચંદની બનાવવાની આજ્ઞા કરી.
૨. દિવસ રાત કામ કરવાથી પ્રાગજી ભક્ત પર સ્વામીશ્રી ખૂબ રાજી થયા અને કંઈ માંગણી કરવા કહ્યું.
૩. પ્રાગજી ભક્તને સ્વામીશ્રીએ કહ્યું, 'જા તને ખૂબ રૂપિયા મળશે અને ઘરે રહી સંતોનો સમાગમ કરજે.'
૪. પ્રાગજી ભક્તને ધન-સ્ત્રીમાં સુખ મનાયું ન હતું. તેથી તેમણે માગ્યું કે મને તમારું જ્ઞાન આપો, તમારું ઘર દેખાડો અને મારા જીવને સત્સંગી બનાવો.
૫. જગત સુખની લાલચમાં ન લોભાયેલ પોતાના શિષ્યની ઉત્કૃષ્ટ શ્રદ્ધા જોઈ સ્વામીશ્રીએ તેમને રાજી થઈ કોલ આપ્યો.

પ્ર.૧૦ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬) **☞ નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ઘરમાંથી માતાના સાળુનો (શેલું) કિંમતી પાલવ વેચીને મહુવાના મંદિરમાં રસોઈ આપી. (૧/૩)
૨. જેને ભગવાનને વશ કરવા હોય તેણે ફડકી ફડકીને જાગવું અને ભજન કરવું. (૨૩/૪૨)
૩. પ્રાગજી વિમુખ છે પણ એના દાળ, ચોખા ક્યાં વિમુખ છે ? માટે એનું સીધું લઈ લો. (૧૫/૨૮)
૪. સ્વામીની આજ્ઞાથી ભગતજી મહારાજ ગોરખ આસન વાળીને એક કલાક સૂતા હતા. (૬/૧૧)
૫. 'આ તો પાતાળે પાયા નાંખ્યા છે માટે પાછું ખેંચાય એમ નથી.' (૧૧/૨૨)
૬. ધામમાં જતાં પહેલાં ભગતજી મહારાજ બોલ્યાં 'મને વરતાલ લ્યો.' (૨૮/૫૫)

પ્ર.૧૧ નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો. (કુલ ગુણ : ૬)

☞ નોંધ : ફક્ત ખોટું જણાવેલ હોય તો ગુણ ન આપવો. નીચે સાચો જવાબ લખેલ હોય તો જ ગુણ આપવો.

૧. **ખોટું - ✗** (૩/૬) જ. સિદ્ધાનંદ સ્વામી પ્રાગજી ભક્તને સાંત્વન આપી જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે લઈ ગયા.
૨. **ખોટું - ✗** (૯/૧૭) જ. અભેસિંહ બાપનુ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'કેળે તો કેળાં આવે પણ આ તો થોરે કેળાં આવ્યાં.
૩. **ખરું - ✓** (૧૪/૨૬)
૪. **ખોટું - ✗** (૧૭/૩૧) જ. સત્પુરુષની શોધ માટે છેવટે ગિરધરભાઈએ વરતાલમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પાસે એક પગે ઊભા રહી માળા ફેરવી.
૫. **ખરું - ✓** (૨૭/૫૩)
૬. **ખોટું - ✗** (૨૨/૪૦) જ. ખાનદેશમાં વિજ્ઞાનદાસજી સ્વામી દ્વારા ઘણો સમાસ થયો.

પ્ર.૧૨ નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૬)

૧. આત્માકારે (૮/૧૭) ૨. મરણિયો (૪/૮) ૩. વાઘાખાચર (૧૨/૨૩) ૪. મોતીલાલભાઈ (૨૦/૩૬)
૫. બ્રહ્મચર્ય (૨૪/૪૩) ૬. બ્રહ્મની મૂર્તિ (૨૬/૪૯)

❑ ❑ ❑